
પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૨૭૯ | ૨૧ ડિસેમ્બર, ૨૦૨૧, મંગળવાર; માગશર વદ - ૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# ગાબડું : સેન્સેક્સ ૧૧૯૦ પોઈન્ટ ગગડ્યો

**સપ્તાહના પ્રથમ દિવસે શેરબજારમાં મોટું ગાબડું : નિફ્ટીમાં ૩૭૧ પોઈન્ટનો કડાકો જોવાયો : ઓમિક્રોનના પ્રભાવે સોમવારે બજારમાં થયેલા કડાકાથી શરુઆતની ૧૫ મિનિટમાં જ રોકાણકારોએ ૫.૫ લાખ કરોડ રૂપિયા ગુમાવ્યા હતા**



મુંબઈ, તા.૨૦

સપ્તાહનો પ્રથમ દિવસ શેર બજાર મોટા કડાકા સાથે બંધ થયું. બૉમ્બે એક્સચેન્જ કા ઈન્ડેકસ સેન્સેક્સ ૧૧૮૯.૭૩ અંક (-૨.૦૯%) ટકા તૂટવા સાથે ૫૫,૮૨૨.૦૧ અને નેશનલ એક્સચેન્જ કા નિફ્ટી ૩૭૧.૦૦ પોઈન્ટના (-૨.૧૮%) કડાકા સાથે ૧૬,૬૧૪.૨૦ ના સ્તર પર બંધ થાય છે. વિશ્વભરમાં ઓક્રોનનાં કેસોમાં વધતા તેના પ્રભાવથી રોકાણકારોમાં ગભરાહટ ઉત્પન્ન થયો છે, સાથે વૈશ્વિક ઈક્વીટીમાં તીવ્ર વેચવાલી થઈ છે. સેન્સેક્સમાં સૌથી વધુ કડાકો ટાટા સ્ટીલના શેરોમાં રહ્યો હતો જેમાં ૫ ટકાથી વધુનો કડાકો જોવાયો હતો. તે પછી એસબીઆઈ, ઈન્ડસઈન્ડ બેંક, બજાજ ફાઈનેંસ, એચડીએફસી બેંક અને એનટીપીસીનું સ્થાન રહ્યું હતું. બીજી તરફ એચયુએલ અને ડો રેડ્ડીઝનો લાભ જોવા મળ્યો હતો.

કોવિડ-૧૯ના કેસોમાં વધારો, વિદેશી સંસ્થાકીય રોકાણકારો દ્વારા સતત અને આર્થિક વિકાસમાં વેચાણ ધીમી ગતિએ દ્વારા વિશ્વભરના બજારોને હચમચાવી દીધા છે. શાંઘાઈ, હાંગકાંગ, ટોક્યો અને સિયોલ શેર બજાર ભારે નુકસાન સાથે બંધ થયા છે. યુરોપના સ્ટોક એક્સચેન્જમાં પણ લાલ નિશાન પર કારોબાર કરી રહ્યા હતા. આ

● અનુસંધાન પાન-૭ પર

# દિલ્હીમાં કાતિલ ઠંડીનું મોજુ : પારો ૪.૪ ડીગ્રી

**હિમાલય તરફથી ફૂંકાનારા પવનના લીધે ઠંડીમાં વધારો : પંજાબ, હરિયાણા, ચંદીગઢ, ઉ. પ્રદેશ, મધ્ય પ્રદેશ અને રાજસ્થાનના પૂર્વીય, પશ્ચિમી ભાગમાં શીતલહેરની શક્યતા**

નવી દિલ્હી, તા.૨૦

દિલ્હીમાં ઠંડીના પ્રમાણમાં દિવસેને દિવસે વધારો થઈ રહ્યો છે. સોમવારે રાષ્ટ્રીય રાજધાનીનું ન્યૂનતમ તાપમાન ૪.૪ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. આ દરમિયાન શીતલહેર ચાલી રહી છે. ભારતીય હવામાન વિજ્ઞાન વિભાગ (આઈએમડી)ના કહેવા પ્રમાણે મહત્તમ તાપમાન ૧૯ ડિગ્રી સેલ્સિયસ રહે તેવો અણસાર છે. આ દરમિયાન શીતલહેર ચાલતી રહેશે અને દિવસે આકાશ ચોખ્ખું રહેશે.



હવામાન વિભાગના કહેવા પ્રમાણે આગામી ૨ દિવસો સુધી હિમાલય તરફથી ફૂંકાનારા ઠંડા પવનના કારણે પંજાબ, હરિયાણા, ચંદીગઢ, ઉત્તર પ્રદેશ, મધ્ય પ્રદેશ અને રાજસ્થાનના પૂર્વીય અને પશ્ચિમી ભાગમાં શીતલહેરની શક્યતા છે. દિલ્હીમાં સંભવતઃ ૨૧ ડિસેમ્બરના રોજ શીતલહેર રેકોર્ડ થઈ શકે છે. જ્યારે પશ્ચિમ બંગાળની ખાડીમાં બની રહેલા ઓછા દબાણના ક્ષેત્રના કારણે નિકોબાર આઈલેન્ડ વિસ્તારમાં વરસાદનો પણ અણસાર છે.

કડકડતી ઠંડીને ધ્યાનમાં રાખીને હવામાન વિભાગે સોમવાર માટે યેલો એલર્ટ જાહેર કર્યું છે. હવામાન વિભાગનું પૂર્વાનુમાન છે કે, હવાઓની ગતિ ૧૪ કિમી પ્રતિ કલાક રહેવાના કારણે દિવસે તડકો પણ નહીં અનુભવાય. સાથે જ સાંજ પડતાં હાડ ગાળી દેતી ઠંડીનો અનુભવ થશે.

છેલ્લા ૨૪ કલાકમાં હવામાં ભેજનું સ્તર ૩૯થી ૮૫ ટકા રેકોર્ડ કરવામાં આવ્યું છે.

# કોરોનાના કેસમાં ઘટાડો, ઓમિક્રોનના ૧૫૦ કેસ

**ભારતમાં કોરોનાના નવા કેસમાં સતત ઘટાડો : દેશમાં એક્ટિવ કેસ ૫૭૨ દિવસના તળિયે પહોંચીને ૮૨,૨૬૭ થઈ ગયા**

નવી દિલ્હી, તા.૨૦

એક તરફ ભારતમાં કોરોનાના નવા કેસમાં સતત ઘટાડો થઈ રહ્યો છે ત્યારે વિદેશમાં જે રીતે કોરોનાના નવા પ્રકાર ઓમિક્રોનના કેસમાં વધારો થઈ રહ્યો છે તે ભારત માટે ચિંતાનું કારણ બની રહ્યો છે. ભારતમાં ઓમિક્રોનના કુલ કેસનો આંકડો ૧૫૦ પર પહોંચી ગયો છે. બીજી તરફ દેશમાં કોરોનાના નવા કેસમાં મે ૨૦૨૦ પછીનો સૌથી મોટો ઘટાડો નોંધાયો છે, આ સાથે એક્ટિવ કેસ પણ ૫૭૦થી વધુ દિવસના તળિયે પહોંચ્યા છે.

ભારતમાં ૨૪ કલાકમાં કોરોનાના નવા ૬,૫૬૩ કેસ નોંધાયા છે, જ્યારે વધુ ૧૩૨ દર્દીઓના મોત થયા છે. દેશમાં ૨૪ કલાકમાં વધુ ૮,૦૭૭ દર્દીઓ સાજા પણ થયા છે. કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલય દ્વારા જાહેર કરવામાં આવેલા આંકડા પ્રમાણે દેશમાં ૫૭૨ દિવસના તળિયે પહોંચીને એક્ટિવ કેસ ૮૨,૨૬૭ થઈ ગયા છે.

પાછલા એક દિવસમાં વધુ ૧૫,૮૨,૦૭૯ રસીના ડોઝ સાથે કુલ રસીકરણનો આંકડો ૧,૩૭,૬૭,૨૦,૩૫૯ પર પહોંચી ગયો છે. કોરોનાથી મૃત્યુઆંક વધીને ૪,૭૭,૫૫૪ થઈ ગયો છે.

૧૯ ડિસેમ્બરે ભારતમાં વધુ ૫ ઓમિક્રોનના કેસ નોંધાતા કુલ કેસની સંખ્યા ૧૫૦ને પાર કરી ગઈ છે. ઓમિક્રોનના દેશમાં સૌથી વધુ ૫૪ કેસ મહારાષ્ટ્રમાં છે. આ સિવાય દિલ્હીમાં ૨૪, રાજસ્થાનમાં ૧૭, તેલંગાણામાં ૨૧, ગુજરાતમાં ૧૧, કેરળમાં ૧૧ કેસ નોંધાયા છે.

# ૪૦૦ કરોડના ૭૭ કિલો ડ્રગ સાથે પાકિસ્તાનની એક બોટ ઝડપાઈ

**અલ હુસેની નામની બોટમાંથી ગુજરાતમાં ઘૂસાડાતું હતું કરોડોનું ડ્રગ્સ : ગુજરાત દરિયાકાંઠેથી વધુ એક વાર મોટા પ્રમાણમાં ડ્રગ્સનો જથ્થો ઝડપાયો ગુજરાતનો દરિયાકાંઠો ડ્રગ્સની હેરાફેરી કરવાનું એપી સેન્ટર બની રહ્યું છે**

ગાંધીનગર,તા.૨૦

છેલ્લા એક વર્ષમાં રાજ્યની વિવિધ એજન્સીઓએ અમદાવાદ સહિત રાજ્યભરમાંથી કરોડો રૂપિયાનું અલગ અલગ પ્રકારનું ડ્રગ્સ ઝડપ્યું છે, ત્યારે આજે આ દિશામાં વધુ એક અહેવાલ મળી રહ્યા છે. ગુજરાતના દરિયાકાંઠેથી વધુ એક વાર ડ્રગ્સ ઝડપાયું છે. જેમાં ૪૦૦ કરોડના ૭૭ કિલો ડ્રગ સાથે પાકિસ્તાનની એક બોટ ઝડપાઈ હોવાના અહેવાલે ખળભળાટ મચાવી દીધો છે. કચ્છના જખૌ દરિયા કિનારેથી ૬ પાકિસ્તાનીઓની ધરપકડ પણ કરી હોવાનું સામે આવ્યું છે. ડ્રગ્સના આ દૂષણને પકડવા માટે ગુજરાત છ્જી અને ભારતીય કોસ્ટગાર્ડ દ્વારા એક સંયુક્ત ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. જેમાં અલ હુસેની નામની બોટ ડ્રગ્સ સાથે ઝડપાઈ હતી. આ ઘટના વિશે મળતી માહિતી પ્રમાણે, ગુજરાત દરિયાકાંઠેથી વધુ એક વાર મોટા પ્રમાણમાં ડ્રગ્સનો જથ્થો ઝડપાયો છે.

ગુજરાતનો દરિયાકાંઠો હવે ડ્રગ્સની હેરાફેરી કરવાનું એપી સેન્ટર બની રહ્યું છે, ત્યારે કચ્છના જખૌ દરિયાકિનારે બાતમીના આધારે ગુજરાત એટીએસ અને ભારતીય કોસ્ટગાર્ડ દ્વારા એક સંયુક્ત ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. જેમાં 'અલ હુસેની' નામની પાકિસ્તાની બોટ ઝડપાઈ હતી. આ બોટનું સર્ચ ઓપરેશન કરાતા તેમાંથી ૪૦૦ કરોડ રૂપિયાનું ૭૭ કિલો ડ્રગ્સ ઝડપાયું હતું. એટલું જ નહીં જખૌ દરિયાકાંઠે ઓપરેશન દરમિયાન ૬ પાકિસ્તાની શખ્સોની પણ ધરપકડ કરવામાં આવી હતી. હાલ તમામ લોકોને કસ્ટડીમાં લઈને તેમની પુછપરછ કરવામાં આવી રહી છે. એટલું જ હીં, ગુજરાત છ્જી અને ભારતીય કોસ્ટગાર્ડ પાકિસ્તાની શખ્સોની પુછપરછ કરી આગળની કાર્યવાહી કરવામાં આવી રહી છે, જેમાં આ ડ્રગ્સ કોને મોકલ્યું હતું? અને રાજ્યમાં ક્યાં મોકલવાનું હતું? આ ડ્રગ્સકાંડના તાર કોના સાથે જોડાયેલા છે. તમામ પાસાઓને આવરી લઈને તેમની પુછપરછ કરવામાં આવી રહી છે. અત્રે નોંધનીય છે કે, ગુજરાતમાં યુવાધનને ડ્રગ્સ દ્વારા બરબાદ કરવાનું ષડયંત્ર હમણાંથી જબરું ફાલ્યું છે.





# સરહદી સ્થિતિની સમીક્ષા માટે સેનાના સાત કમાન્ડરોને દિલ્હી બોલાવાયા

**બિપિન રાવતના નિધન બાદ પહેલી મહત્વપૂર્ણ બેઠક : ચીન અને પાકિસ્તાન સરહદ પર સુરક્ષા સ્થિતિ અંગે ચર્ચા કરવા માટે ૨૩થી ૨૪ ડિસેમ્બર સુધી દિલ્હીમાં હશે**

નવી દિલ્હી,તા.૨૦

ચીન અને પાકિસ્તાન સરહદ પર સુરક્ષા સ્થિતિ અંગે આ સપ્તાહે દિલ્હીમાં સેનાના સાત કમાન્ડરોની બે દિવસીય મહત્વપૂર્ણ બેઠક યોજવાની છે. સરકારી સૂત્રો મુજબ આ બેઠકમાં બોર્ડર પર ચીનની વધી રહેલી ગતિવિધિઓ અને પાકિસ્તાન તરફથી જારી આતંકી હુમલા અંગે ચર્ચા કરવામાં આવશે. ૮ ડિસેમ્બરે એક હેલિકોપ્ટર દુર્ઘટનામાં ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ જનરલ બિપિન રાવતના નિધન બાદ સેનાની આ પહેલી મહત્વની બેઠક યોજવા જઈ રહી છે. સીડીએસ જનરલ બિપિન રાવતના નિધન બાદ પહેલી વખત બધા આર્મી કમાન્ડર્સ ચીન અને પાકિસ્તાન સરહદ પર સુરક્ષા સ્થિતિ અંગે ચર્ચા કરવા માટે ૨૩થી ૨૪ ડિસેમ્બર સુધી રાષ્ટ્રીય રાજધાનીમાં હશે. આ બેઠક એ સમયે થવા જઈ રહી છે જ્યારે દેશના સૌથી વરિષ્ઠ સૈન્ય અધિકારી અને તેમની પત્ની મધુલિકા રાવત સાથે ૧૨ અન્ય કર્મીઓનું એક હેલિકોપ્ટર ક્રેશમાં મૃત્યુ થયું.

● અનુસંધાન પાન-૭ પર







# ઐશ્વર્યા રાયને પનામા પેપર્સ કેસમાં ઈડી દ્વારા સમન્સ

**વિદેશી બેંકોમાં ખાતાને લઈને ઈડીનાં પગલાં : ઐશ્વર્યાને અગાઉ પણ ૨ વખત બોલાવવામાં આવી હતી**

નવી દિલ્હી, તા.૨૦

પનામા પેપર્સ સાથે સંકળાયેલા એક કેસમાં ઐશ્વર્યા રાય બચ્ચનને સમન પાઠવવામાં આવ્યું છે. પ્રવર્તન નિદેશાલય (ઈડી)એ તેને પુછપરછ માટે બોલાવી છે. ઉલ્લેખનીય છે કે, ઐશ્વર્યા રાય બચ્ચનને અગાઉ પણ ૨ વખત બોલાવવામાં આવી હતી પરંતુ બંને વખત તેણે નોટિસ સ્થગિત કરવા વિનંતી કરી હતી. તેણે પનામા પેપર્સ લીકની તપાસ કરી રહેલી સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમ સમક્ષ આ માટે વિનંતી કરી હતી.

પનામા પેપર લીક કેસમાં એક કંપનીના લીગલ દસ્તાવેજ લીક થયા હતા. તેના દ્વારા જાણવા મળ્યું હતું કે, ૪૨૪ ભારતીયોના વિદેશી બેંકોમાં ખાતા છે. તેમાં કેટલાક રાજનેતાઓની સાથે સાથે ફિલ્મી કલાકારોના નામ પણ હતા. તેમાં ઐશ્વર્યા ઉપરાંત અમિતાભ બચ્ચન અને અજય દેવગણનું નામ પણ સામેલ હતું. આ કેસ સુપ્રીમ કોર્ટ સુધી પણ પહોંચ્યો હતો. ત્યાર બાદ કેન્દ્ર સરકારે આ મામલે મલ્ટી એજન્સી ગ્રુપ (એમએજી)ની રચના કરી હતી. તેમાં સીબીડીટી, આરબીઆઈ, ઈડી અને એફઆઈયુને સામેલ કરવામાં આવ્યા હતા. એમએજીતમામ નામોની તપાસ કરીને તે રિપોર્ટ બ્લેક મનીની તપાસ માટે બનેલી એસઆઈટીઅને કેન્દ્ર સરકારને સોંપતી હતી.